# (ઓલપાડના મહે. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા.)

(ગંગાબેન તે પરભુભાઈ નરસિંહભાઈની પુત્રી અને ઈશ્વરભાઈ રતનજીભાઈની પત્ની વિગેરે **વિરુધ્ધ** મણીલાલ પરભુભાઈ પટેલ વિગેરે)

**રે.દિ.મુ.નં.૮૧/૨૦૧૬.**

## વાદીની આંક–૫ મનાઈ અરજી લગત હુકમ.

**(૧)** વાદીએ હાલનો દાવો જાહેરાતનો તથા જાથુકનો મનાઈ હુકમ મેળવવા માટેનો તથા હકક–હિસ્સો મેળવવા માટેનો તથા રીલીઝ કરાર રદ કરવા માટેનો લાવી હાલની અરજીમાં મનાઈ અરજીના પેરા–૨ મા જણાવ્યા મુજબની કુલ મીલકતોમા તેમા જણાવ્યા મુજબનો વણ વહેંચાયેલો લાગ–ભાગ, હકક–હિસ્સો અને માલીકી હકક વાદીઓનો ચાલી આવેલ હોવાથી સદર મીલકતોમા પ્રતિવાદીઓ હસ્તે પરહસ્તે પોતે અથવા અન્ય કોઈ વ્યકિત ધ્વારા કે તેમના એજન્ટ ધ્વારા વાદીના હકક, હીત અને અધિકારમા ન્યુનતા લાવે તેવા કોઈ પ્રયાસ કરે કરાવે નહી તથા સદર મીલકતોનો કબજો ભોગવટો કે માલીકી હકક અન્ય કોઈપણ વ્યકિતને કોઈપણ રીતે હસ્તાંતર કે ટ્રાન્સફર કરે કરાવે નહી તથા સદર મીલકતો વેચાણ, ગીરો, બક્ષીસ, વીલ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર, એસાઈન કે કોઈ લખાણ કે વ્યવહાર કરે કરાવે નહી તથા સદર મીલકતોમા અન્ય કોઈપણ પ્રકારના કોઈપણ બોજા પાડે પડાવે નહી અને સદર મીલકતો ગણોતે કે ભાડે આપે–અપાવે નહી તથા સદર મીલકતો અંગે ગેરકાયદેસરનુ કોઈપણ કૃત્ય કરે–કરાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ વાદીઓના લાભમા પ્રતિવાદીઓને દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી ફરમાવવા માંગણી કરેલ છે.

**(૨)** હાલની અરજી તળે હુકમ થતો હોય પુનરાવર્તન ટાળવા સારુ અરજીની વિગત જણાવવામા આવેલ નથી.

**(૩)** સદરહુ કામમાં પ્રતિવાદીઓ તરફે આંક–૧૧ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો જવાબ રજુ થયેલ છે અને તેમા મહદઅંશે તેની હકીકતોનો ઈન્કાર કરવામા આવેલ છે અને પુનરાવર્તન ટાળવા સારુ જવાબની વિગતો અત્રે જણાવવામા આવેલ નથી.

(૪) ત્યારબાદ વાદી તરફે આંક–૧૫ થી કાઉન્ટર રીપ્લાય રજુ કરવામા આવેલ છે જે વંચાણે લીધો.

(૫) વાદી તરફે પોતાની દાવા અરજી તથા મનાઈ અરજીના સમર્થનમા આંક–૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી નિ.૩/૩૯ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

ત્યારબાદ સદર કામે પ્રતિવાદી નં. ૧ થી ૩ તરફે આંક–૧૩ ના લીસ્ટથી નિ.૧૩/૧ થી નિ.૧૩/૧૩ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૬) ત્યારબાદ વાદી તરફે આંક–૩૬ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધી.

ત્યારબાદ પ્રતિવાદીઓ તરફે આંક–૪૦ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધી અને પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે આંક–૪૧ થી નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામા આવેલ છે જે માનસહ વંચાણે લીધા.

1.. 2010 (1) GLR Page No.670, Shashikant Natvarlal Patel & Anr. V/s. Arvindbhai Bhupatbhai Gohil

2.. 1995 (1) GLR Page No.624, Gauribhai Somabhai Amin & Ors. V/s. State Of Gujarat.

3.. 2010 (3) GLR Page No.2601, Anandiben Jamabhai Pagel V/s. State Of Gujarat.

4.. 2002 (2) GLR Page No.1365, Sitaben D/o. Madaribhai Bhagabhai Dhodiya V/s. Bhanabhai Madaribhai Patel.

5.. આર.ટી.એસ.અપીલ નં.૨૮૭/૨૦૧૭ ના કામે નાયબ કલેકટરશ્રી ઓલપાડ પ્રાંતશ્રી સાહેબે તા.૧/૧૦/૨૦૨૦ ના દિને કરેલ હુકમની ઝેરોક્ષ નકલ.

6.. આર.ટી.એસ.રીવીઝન અરજી નં.૨૬૮/૨૦૧૯ ના કામે સુરતના કલેકટરશ્રી સાહેબે તા.૧/૧૦/૨૦૨૦ ના દિને કરેલ હુકમની ઝેરોક્ષ નકલ.

7.. આર.ટી.એસ.અપીલ નં.૨૮૬/૨૦૧૭ ના કામે નાયબ કલેકટરશ્રી ઓલપાડ પ્રાંતશ્રી સાહેબે તા.૬/૩/૨૦૨૯ ના દિને કરેલ હુકમની ઝેરોક્ષ નકલ.

8.. આર.ટી.એસ.રીવીઝન અરજી નં.૨૬૯/૨૦૧૯ ના કામે સુરતના કલેકટરશ્રી સાહેબે તા.૧/૧૦/૨૦૨૦ ના દિને કરેલ હુકમની ઝેરોક્ષ નકલ.

(૭) આ અરજીનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય છે.

૧. શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨. શું સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?

૩. શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદા પરત્વેનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. અંશત: હકારમાં

૨. અંશત: હકારમાં

૩. અંશત: હકારમાં

૪. આખરી હુકમ મુજબ.

– : : <u>કારણો</u> : : –

<u>**મુદા નં.૧ થી ૩**</u> :–

ઉપરોકત મુદા નં.૧ થી ૩ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય હકીકતોનાં પુનરાવર્તનને ટાળવા તમામ મુદાની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૯) કાયદાનો એ પ્રસ્થાપીત સિધ્ધાંત છે કે ગમે ત્યારે કોઈ અરજી કોર્ટ સમક્ષ આપે ત્યારે તેને તરત મનાઈહુકમ આપી દેવો જોઈએ નહી. મનાઈ અરજીને મંજુર કરવી એ કોર્ટનો ન્યાયીક વિશેષાધીકાર છે. અને જયારે પણ મનાઈ માંગવામા આવે

ત્યારે મનાઈ મંજુર કરવાના ૩ મહત્વના સિધ્ધાંતના આવશ્યક તત્વો શોધવા કોર્ટ ફરજથી બંધાયેલી છે. વચગાળાની મનાઈ અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાનમા રાખવાના મહત્વના ૩ સિધ્ધાંતો માનનીય ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચેના કેસમા પ્રસ્થાપીત કરવામાં આવેલા છે.

Registrar of High Court of Gujarat, Ahemadavad vs. B. J. Patel, reported in 1997 (2) G.L.H. 240. Hon'ble Gujarat High Court has held that “It may also be noted at this stage that the parameters for the grant of interlocutory order though are not prescribed in the constitution, but are analogous to the provisions of order-39, R-1 & 2 of the Code of Civil Procedure, 1908.” Our Hon'ble Gujarat High Court has further held in this case that “It is a settled proposition of law that interim order during the pendency of the main dispute can be granted provided the following ingredients are established to the hilt (1) Primafacie case (2) Balance of Convenience and (3) irreparable injury.” As laid down by the Hon'ble Gujarat High Court in this case that mere existence of one of the factors is not sufficient. The our Hon'ble Gujarat High Court has laid down the principles guiding in deciding the application for ad-interim injunction under the provision of Order 39, Rule 1, 2. The Hon'ble High Court has laid down the settled principles regarding the injunction and held that “All the three principles governing the grant or refusal of the interlocutory injunction or order must co-exist. It is not enough even strong primafacie case is shown, it must be successfully shown that there is strong primafacie case and irreparable harm will be caused to the petitioner if the interlocutory order is refused and balance of convenience tilts in favour of the petitioner.” Taking into consideration the above principles enunciated by the Hon'ble Gujarat High Court, the plaintiff is required to establish the said three parameters are in his favour.

**(૧૦)** આમ કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ મનાઈ હુકમ આપવાની દાદ તે અદાલતની વિવેકાધીન દાદ છે. પરંતુ વિવેક બુધ્ધિનો ઉપયોગ કોર્ટને નીચેની બાબતોનો સંતોષ થયાને આધારીત છે.

**<u>કામચલાઉ મનાઈહુકમને નિયંત્રિત કરતાં કાનૂની સિધ્ધાંતો જોઈએ તો</u>**

સીવીલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ નાં ઓર્ડર–૩૯, રૂલ–૧ અથવા રૂલ–ર ની જોગવાઈ મુજબ નિયત થયેલ સંજોગો અસ્તિત્વમાં હોય તો કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ મંજુર કરી શકાય. રૂલ–૧ અથવા રૂલ–ર ની જોગવાઈ હેઠળના સંજોગો જો અસ્તિત્વમાં ન હોય તો અદાલતને કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ મંજુર કરવાની હકુમત નથી. પરંતુ રૂલ–૧ હેઠળનાં સંજોગો અસ્તિત્વમાં હોય તો પણ અદાલત કામચલાઉ કે, વચગાળાનો મનાઈહુકમ આપવા કે, મંજુર કરવા બંધાયેલ નથી કે, અદાલતને કામચલાઉ વચગાળાનો મનાઈહુકમ આપવા કે મંજુર કરવા ફરજ પાડી શકાય નહિ. રૂલ–૧ હેઠળની કામચલાઉ કે , વચગાળાના મનાઈહુકમ અંગેની જોગવાઈ સં ચકતપણે અદાલતની વિવેકબુધ્ધિ ઉપર આધારિત છે.

કામચલાઉ મનાઈહુકમ માંગનાર વ્યકિતએ કોર્ટને સંતોષ થાય તે રીતે બતાવવું જ પડે કે,

**:૧:** દાવામાં મહત્વનાં અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકકોનો નિર્ણય કરવાનો છે અને તેમાં સફળ થાય તેવી પુરી શકયતા છે.

**:ર:** મનાઈહુકમ માંગનાર વ્યકિતનાં હકકોનાં રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ જરૂરી છે કે, જેથી તે પોતાનો હકક પ્રસ્થાપિત કરવામાં સફળ થાય.

**:૩:** જો મનાઈ હુકમ માંગનાર વ્યકિતને કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો તે વ્યકિત નાણાંથી ભરપાઈ થઈ શકે નહિ તેવું અસહય નુકશાન થવાનો સંભવ છે.

**(૧૧)** ઉપરોક્ત તમામ હકીકતો, રજુઆતો તથા દલીલો ધ્યાને લીધી. આ કામના વાદીની મનાઈ અરજીની મહત્વની હકીકતો ધ્યાને લેતા વાદીઓ અને પ્રતિવાદીઓ એકજ હીન્દુ કુટુંબના સભ્યો છે વાદીઓના પ્રતિવાદી નં.૧ સગાભાઈ છે અને પ્રતિવાદી નં. ર, ૩ ભત્રીજા છે અને તેઓ મર્હુમ પ્રભુભાઈ નરસીહભાઈ તથા નરસીહભાઈ રતનજીભાઈના સીધી લીટીના વાસરદારો છે અને દાવાવાળી જમીનો વાદીઓ તથા પ્ર તિવાદીઓની વડીલોપાર્જીત મીલકત મોજે કપાસી અને કુદીયાણા તા.ઓલપાડમાં આવેલ છે દાવાવાળી જમીન મોજે કપાસીના બ્લોક નં.૬,બ્લોક નં.૮ ,બ્લોક નં.૮૯, તથા બ્લોક નં.૧૯૧ વાળી જમીનમાંથી ચોથાભાગમાંથી છ ભાગો પૈકી ત્રણભાગ(

અર્ધોભાગ) તથા મોજે કપાસીમા તા.ઓલપાડ જી.સુરત માં પં.પ્રોપર્ટી નં.૨/૯૫,૨/૯૭, ૨/૧૨૫ , તથા ૨/૧૨૬ વાળી મીલકતોમાંથી છ ભાગો પૈકી ત્રણભાગ( અર્ધોભાગ) તથા મોજે કુદીયાણના તા. ઓલપાડ, જી.સુરતમાં આવેલ બ્લોક નં.૧૦ , બ્લોક નં.૨૬૮, બ્લોક નં.૧૮૩, બ્લોક નં.૮૦,બ્લોક નં.૧૧૬,બ્લોક નં.૧૬૫,બ્લોક નં.૪૬૨,બ્લોક નં .૮૯,બ્લોક નં.૧૧૫ વાળી જમીનમાંથી છ ભાગો પૈકી ત્રણભાગો (અર્ધો ભાગ) તથા બ્લોક નં.૧૫૮,બ્લોક નં.૮૭ વાળી જમીનમાંથી ભાગે પડતો હીસ્સો માટેની માંગણી કરેલ છે. દાવાવાળી જમીન માં વાદીઓનો કાયદેસરનો વણવહેચાયેલો હકક હીસ્સો આવેલ છે જે માંગણી કરવા છતા આ કામના પ્રતિવાદીઓએ એકબીજાના મેળાપીપણામાં દાવાવાળી જમીનમાંથી વાદીઓને આજદીન સુધી તેમનો કોઈ હકક હીસ્સો આપેલ નથી અને જાન્યુઆરી ૨૦૧૬માં વાદીઓએ તેમના કાયદેસરના હકક હીસ્સાની માંગણી કરતા સમયપસાર કરતા આવેલ જેથી પ્રતિવાદીઓ પર શક જતા દાવાવાળી જમીનમીલકતોના પેપર્સ કઢાવતા માલુમ પડેલ કે પ્રતિવાદીઓએ દાવાવાળી મીલકતોમાં થી ખોટી સમજ આપી ગેરકાયદેસર રીતે તેમની સહીઓ લઈ તેમનુ નામ કમી કરાવેલ છે, દાવાવાળી જમીનો વડીલોપાર્જીત છે અને પ્રતિવાદીઓએ જાતે વસાવેલી નથી અને આ કામના પ્રતિવાદીઓએ અમુક જમીન વેચાણ કરવા પ્રયત્ન સીલ થતા વાદીઓને હાલની દાવાઅરજી તથા મનાઈ અરજી દાખલ કરવાની જરુરીયાત ઉભી થયેલ છે અને મનાઈ હુકમ મંજુર કરવા માટે વિનંતી કરેલ છે.

આ કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા નિ.૩/૧ થી મોજે કપાસીના બ્લોક નં.૬ ના ગામના નમુના નં.૭/૧૨ રજુ થયેલ છે તથા નિ.૩/૨ થી ગામના નમુના નં.૮ રજુ થયેલ છે. જે વંચાણે લેતા વાદીઓના નામ સહમાલીક તરીકે ચાલી આવેલ છે. જયારે આ કામે પ્રતિવાદી તરફે ની. ૧૩/૬ થી રજુ થયેલ નોટરી પબ્લીક રુબરુ કૌટુબીક મીલકતમાંથી હકક છોડયાનો કરારોની ઝેરોક્ષ રજુ થયેલ છે જેમાં મોજે કુદીયાણાના બ્લોક નં.૧૦,૧૮૩,૨૬૮,૮૯,૪૬૨, ૧૧૫, તથા ૧૬૫ માંથી આ કામના વાદીઓએ એટલે કે બીજા પક્ષનાનો જે વણવહેચાયેલ હકક હીસ્સો ચાલી આવેલ તે પ્રથમ પક્ષના લાભમાં છોડી દીધેલ છે તે મુજબનુ લખાણ કરી આપેલ હોવાનુ જણાઈ

છે. તેમજ નોંધ નં.૩૪૭૦ તા.૧૩/૪/૨૦૦૯ થી આ કામના વાદીઓએ પોતાનો હકક હીસ્સો ઉઠાવી લીધેલ હોય તે બાબતે હકક કમીની નોંધ પડેલ છે. તેમજ પ્રતિવાદી તરફે રજુ નિ.૧૩/૮ થી તા.૧૩/૮/૨૦૧૨ ના રોજનો કૌટુંબીક મીલકત માટે હકક છોડયાનો કરારની ઝેરોક્ષ રજુ કરેલ છે જેમા કુદીયાણાના બ્લોક નં.૮૦, ૮૭, ૧૧૬, ૧૫૮ વાળી મીલકતોમાથી આ કામના વાદીઓએ વણ વહેંચાયેલ હકક હીસ્સો છોડી દીધા બાબતનુ લખાણ છે તેમજ નિ.૧૩/૧૦ થી મોજે કપાસીના બ્લોક નં. ૮ માથી હકક કમી અંગેની નોંધ નં.૬૭૫ તા.૧૭/૪/૨૦૦૯ ના રોજની છે જેમા નોટરી રૂબરૂ થયેલ હક કમી કરારના આધારેની નોંધ છે અને તેમજ નિ.૧૩/૧૧ થી મોજે કપાસીના બ્લોક નં. ૮૯ માથી હકક કમી અંગેની નોંધ નં.૬૭૩ તા.૧૭/૪/૨૦૦૯ ના રોજની છે જેમા નોટરી રૂબરૂ થયેલ હક કમી કરારના આધારેની નોંધ છે. તેમજ તા.૧૩/૧૨/૦૮ ના રોજનો કૌટુંબીક મીલકતમાથી હકક છોડયા અંગેના કરારની ઝેરોક્ષ રજુ થયેલ છે જે વંચાણે લેતા આ કામના વાદીઓએ મોજે કપાસીના બ્લોક નં.૧૯૧ માથી પોતાનો વણ વહેંચાયેલ હકક હીસ્સો છોડી દીધેલાનુ લખાણ થયેલ છે. તેમજ તેમજ તા.૧૩/૧૨/૦૮ ના રોજનો કૌટું બીક મીલકતમાથી હકક છોડયા અંગેના કરારની ઝેરોક્ષ રજુ થયેલ છે જે વંચાણે લેતા આ કામના વાદીઓએ મોજે કપાસીના બ્લોક નં.૮ માથી પોતાનો વણ વહેંચાયેલ હકક હીસ્સો છોડી દીધેલાનુ લખાણ થયેલ છે. આમ સદરહુ દાવાવાળી મીલકતો પૈકી મોજે કપાસીના બ્લોક નં.૮, ૮૯, ૧૯૧ વાળી મીલકતોમાથી વાદીએ પોતાનો હકક કમી કરેલ હોવા બાબતના લખાણ કરી આપેલાનુ રેકર્ડ પર રજુ થયેલા દસ્તાવેજી પુરાવા આધારે હાલના તબકકે જણાય છે. તેવી જ રીતે મોજે કુદીયાણાના બ્લોક નં.૧૦, ૨૬૮, ૧૮૩, ૮૦, ૧૧૬, ૧૬૫, ૪૬૨, ૮૯,૧૧૫, ૧૫૮ અને ૮૭ વાળી મીલકતોમાથી કૌટુંબીક મીલકતમાથી હકક છોડયા અંગેના લખાણો આ કામના વાદીઓ તરફથી કરી આપેલ હોવાનુ હાલના તબકકે જણાય આવે છે અને જે લખાણો જોતા ૨૦૦૫, ૨૦૦૮ ના સમય દરમ્યાનના હોવાનુ જણાય આવે છે. જયારે વાદી તરફથી મોજે ગામ કપાસીના પંચાયત પ્રોપર્ટી નં. ૨/૯૫, ૨/૯૭, ૨/૧૨૫ તથા ૨/૧૨૬ વાળી મીલકતો બાબતે પણ મનાઈ અરજીમા દાદ માંગવામા આવેલ છે ત્યારે વાદી તરફે રજુ થયેલા

દસ્તાવેજી પુરાવા જોતા નિ.૩/૧૨ થી પંચાયત પ્રોપર્ટી નં.૨/૯૫ મા આ કામના પ્રતિવાદી નં.૧ નુ નામ માલીક કબજેદાર તરીકે ચાલી આવેલાનુ જણાય છે. તેમજ નિ.૩/૧૩ થી પંચાયત પ્રોપર્ટી નં.૨/૯૭ મા આ કામના પ્રતિવાદી નં.૧ નુ નામ માલીક કબજેદાર તરીકે ચાલી આવેલાનુ જણાય છે. તેમજ નિ.૩/૧૪ થી પંચાયત પ્રોપર્ટી નં.૨/૧૨૫ મા આ કામના પ્રતિવાદી નં.૨ નુ નામ માલીક કબજેદાર તરીકે ચાલી આવેલાનુ જણાય છે તેમજ નિ.૩/૧૫ થી પંચાયત પ્રોપર્ટી નં.૨/૧૨૬ મા આ કામના પ્રતિવાદી નં.૩ નુ નામ માલીક કબજેદાર તરીકે ચાલી આવેલાનુ જણાય છે. આમ ઉપરોકત રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા નિ.૩/૧ મા આ કામના વાદીઓના નામ સહમાલીક તરીકે ચાલી આવેલ હોવાનુ જણાય છે. તેમજ અન્ય દાવાવાળી જમીનોમાથી વાદીઓ ધ્વારા કૌટુંબીક મીલકતોમાથી હકક છોડયા અંગેના કરારો લખી આપેલ હોવાનુ જણાય છે અને તે સંજોગોમા સદરહુ દાવાવાળી મીલકત બ્લોક નં.૬ બાબત પુરતો વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનુ જણાય આવે છે તે સંજોગોમા દાવાવાળી મીલકત મોજે કપાસીના બ્લોક નં. ૬ બાબતે આ કામના વાદીઓને મનાઈ હુકમ આપવા પુરતો કેસ હોય અને તે સિવાયની અન્ય મીલકતો બાબતે વાદીઓનો હાલના તબકકે કોઈ પ્રથમ દર્શનીય કેસ હોવાનુ માની શકાય તેમ નથી.

જેથી વાદી દાવાવાળી જમીન મોજે કપાસી બ્લોક નં.૬ પુરતો વાદીનો પ્રથમદર્શનીય કેસ છે સદર દાવાવાળા જમીન બ્લોક નં. ૬ પુરતો મનાઈ હુકમના અન્ય પાસાઓ વાદીની તરફેણમાં છે તે સીવાયની દાવાવાળી જમીનો મીલકતમાં વાદીઓ તેનો કોઈ પ્રથમદર્શનીય કેસ સાબીત કરી શકેલ નહી.ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા હાલના તબકકે વાદીઓ પોતાની મનાઈ હુકમની અરજીમાં જણાવ્યા મુજબ અંશત: મનાઈ હુકમ મેળવવા હકકદાર બનતા હોઈ, તેથી મુદા નં.૧ થી ૩ નો જવાબ ઉપર મુજબ અંશત: હકારમાં આપી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

(૧).. વાદીની આંક–૫ ની અરજી આથી અંશત: મંજુર કરવામા આવે છે.

(૨).. આ કામના પ્રતિવાદીઓએ પોતે જાતે અથવા તો અન્ય ત્રાહિત વેચાણ,ગીરો બક્ષીસ મારફતે કોઈને કોઈપણ રીતે મોજે કપાસી, તા.ઓલપાડ, જી.સુરતના બ્લોક નં.૬ વાળી જમીન જમીન તબદીલ કરવી– કરાવવી નહી કે સદર જમીનમા અન્ય કોઈના હકક, હીત ઉત્પન્ન કરે–કરાવે નહી તેવો દરમ્યાન મનાઈ હુકમ દાવાના આખરી નિકાલ સુધી પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવામા આવે છે.

(૩).. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ : ૫ મી, માહે–ઓકટોબર, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાવતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૫/૧૦/૨૦૨૪
સ્થળ – ઓલપાડ.

(જીગ્નેશકુમાર સુરેશભાઇ પંચાલ)
[કોડ નં. જી.જે.–૦૦૯૮૯]
એડી.સિનિયર સિવિલ જજ,–ઓલપાડ.